**<u>ફોજદારી કેસ.નં.૧૧૯૩/૨૦૧૯ ના કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮ મુજબના ગુન્હાના કામે આરોપી : વિમલભાઈ ઉમેદભાઈ પટેલ, રહે. ૯, પટેલ શેરી, સુરસમાળ ગામ, તા.નડીયાદ, જી. ખેડાનાઓની જામીન અરજી લગત હુકમ.</u>**

(૧) અરજી વંચાણે લીધી, આરોપી પક્ષે વિ.વ.શ્રી.ની દલીલો સાંભળી, તેઓ તેમની દલીલોમાં તથા જામીન અરજીમાં વિનંતી કરતા જણાવે છે કે આરોપી તદ્દન નિર્દોષ છે તથા કયાંય નાસી ભાગી જાય તેમ નથી, આરોપીને બીનજામીનપાત્ર વોરંટને આધારે જયુડીશીયલ કસ્ટડીમાં લીધેલ છે. અને હવે પછીની દરેક મુદતે હાજર રહી કોર્ટની કાર્યવાહીમાં સહકાર આપવાની બાંહેધરી આપે છે. વળી આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છીએ અને કુટુંબની તમામ જવાબદારી તેમના શિરે છે. નામદાર કોર્ટ જે યોગ્ય શરતો ફરમાવે તેનું પાલન કરવા અને યોગ્ય રકમના જામીન આપવા તૈયાર છીએ. જેથી તે તમામ સંજોગોને ઘ્યાને લઈ આરોપીને જામીન મુકત કરવા તેઓએ દલીલમાં વિનંતી કરેલ છે.

(૨) જયારે ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી. હાજર છે. તેઓની રજુઆત છે કે, આરોપીને જામીન પર છોડવા જોઈએ નહિ. આરોપી અત્રેની કોર્ટ ખાતે હાજર રહેતા નથી. ઘણા સમય પછી તેઓ અત્રેની કોર્ટ ખાતે હાજર થયેલ છે. જેથી જો તેઓને જામીન પર મુકત કરવામાં આવશે તો ફરી તેઓ અત્રેની કોર્ટ ખાતે હાજર રહેશે નહિ. તેમજ નામદાર કોર્ટ દવારા તેઓને જે પુરતો સમય આપેલ છે તેનો તેઓએ ફકત દુરૂપયોગ કરેલ છે. તેઓ કોર્ટ ખાતે હાજર રહેલ નથી અને કામગીરી વિલંબમાં નાખેલ છે. જેથી તેની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) બંને પક્ષકારો તરફેની દલીલો ઘ્યાને લીધી તેમજ ફરીયાદ કેસનું રેકર્ડ વંચાણે લીધુ. ફરીયાદ પક્ષ તરફે જે દલીલો કરવામાં આવેલ છે તે દલીલો યોગ્ય અને વ્યાજબી જણાય આવે છે અને રેકર્ડ જોતાપણ તે સાચી જણાય આવે છે. તેમજ રેકર્ડ જોતાં તેમના પત્નિનું ત્રણ વખત નિવેદન લીધા બાદ પણ હાજર થયેલ નથી. આમ, આરોપી જાણી બુઝી કાર્યવાહી ટાળતા આવેલ છે તેમ જણાય આવે છે. અને હાલનો કેસ દાખલ થયા બાદ પણ આરોપી આજ દિન સુધી હાજર થયેલા નથી અને રેકર્ડ જોતા તેઓનું ફરીયાદના મથાળે છે તે જ સરનામુ જાહેર કરેલ છે તેવું જણાય આવે છે આમ, આરોપી જાણી બુઝી કાર્યવાહીમાં હાજર થયેલ નથી તેવું સ્પષ્ટ જણાય આવે છે આમ તેઓની કંડકટ પણ ઘ્યાને લીધી. તેમ છતાં હાલનો કેસ આર્થિક પ્રકાનો ગુન્હો હોય ન્યાય હિતમાં આરોપીને જામીન પર મુકત કરવા જોઈએ તેમ હું માનુ છુ. જેથી આરોપીની ઉપરોકત તમામ હકીકત હોવા છતાં ન્યાયહિતમાં હાલની અરજી મંજુર કરવામાં આવે છે.



Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mansa

## ◀ હુકમ ▶

**1 ]** ધી નેગો ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮ મુજબના ગુન્હાના કામે આરોપી : **વિમલભાઈ ઉમેદભાઈ પટેલ, રહે. ૯, પટેલ શેરી, સુરસમાળ ગામ, તા.નડીયાદ, જી. ખેડા**નાઓની જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

**2 ]** કેસના સંજોગો જોતાં આ કામના આરોપીએ રૂા.૫૦૦/– નો દંડ ભર્યેથી તથા રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કર્યેથી જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**3 ]** આરોપી જો જામીનની શરતોનો ભંગ કરશે તો તેના જામીન આપો આપ રદ થયેલા ગણાશે.

આ હુકમ આજ રોજ તારીખ **પચ્ચીસ**મી માહે **ફેબ્રુઆરી** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને જાહેર કર્યો.

**શરતો :**

(૧) હાલના કેસની દરેક મુદતે હાજર રહી કેસની કાર્યવાહીમાં સહકાર આપવો.
(૨) આરોપીએ આ પ્રકારના અન્ય ગુનામાં સામેલ થવું નહિ.
(૩) આરોપીએ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તેના પુરાવા સાથે રજુ કરવું.
(૪) અત્રેની કોર્ટની પુર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહી.
(૫) આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તેમનો પાસપોર્ટ અત્રેની કોર્ટના નાઝરશ્રીની કસ્ટડીમાં તાત્કાલીક અસરથી જમા કરાવવો અન્યથા સોગંદપર જાહેર કરવું.

**તા. ૨૫/૦૨/૨૦૨૫**
**માણસા**

**( જે. જી. પટેલ )**
એડીશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
**માણસા**
**GJ 01699**